# રાધનપુરના ફિલ્ટરેશન પ્લાન્ટની મુલાકાતે મુખ્યમંત્રી





રાધનપુર, તા. ૨૦

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે રાધનપુર ખાતે પાણી પુરવઠા વિભાગની રાધનપુર ગ્રુપ યોજના અંતર્ગત તૈયાર કરવામાં આવી રહેલા ૬૦ એમ.એલ.ડી ક્ષમતાના ફિલ્ટરેશન પ્લાન્ટની મુલાકાત લીધી હતી. નર્મદા કેનાલ આધારીત બી.કે.૩(પી-૨) જુથ યોજના અંતર્ગત તૈયાર કરવામાં આવી રહેલા ડબલ્યુ.ટી.પી., આર.સી.સી. સંપ સહિતની વ્યવસ્થાની કામગીરીની પ્રગતિ અંગે સમિક્ષા કરી પાણી પુરવઠા વિભાગના અધિકારીશ્રીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

રાધનપુર ખાતે રૂ.૭૭.૭૭ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવી રહેલી રાધનપુર અને સાંતલપુર જુથ પાણી પુરવઠા યોજનાની રાધનપુર ગ્રુપ યોજનાથી તાલુકાના ૬૫ ગામ, ૦૨ પરા વિસ્તાર અને રાધનપુર શહેરના મળી કુલ ૧.૭૪ લાખ નાગરિકોને પાઈપલાઈન થકી સમયસર અને પુરતું પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ થશે. જળ વિતરણની આ વ્યવસ્થાની હાલ ૭૪ ટકા જેટલી કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. જે આગામી ઓગષ્ટ મહિના સુધીમાં સંપૂર્ણ કરી કાર્યાન્વિત કરવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલની આ મુલાકાત સમયે જિલ્લા સંગઠનના પ્રમુખશ્રી દશરથજી ઠાકોર, પૂર્વ ધારાસભ્યશ્રી લવિંગજી ઠાકોર, જિલ્લા ભાજપ પ્રભારીશ્રી ગોવિંદભાઈ પટેલ સહિતના પદાધિકારીશ્રીઓ - હોદેદારશ્રીઓ, જિલ્લા કલેક્ટરશ્રી સુપ્રીત સિંઘ ગુલાટી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી રમેશ મેરજા, પોલિસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણા તથા પાણી પુરવઠા વિભાગના મુખ્ય ઈજનેર શ્રી પ્રકાશભાઈ શાહ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### અરવલ્લી : વિરપ્પનોમાં પુષ્પા ક્રેઝ, 'મેં ઝુકેગા નહીં સાલા'

## પુષ્પાની તાકાત સામે વન વિભાગના દંડવત પ્રણામ : વૃક્ષોનું સરેઆમ નિકંદન અને હેરાફેરી

મોડાસા, તા. ૨૦

હાલમાં પુષ્પા ફિલ્મમાં ચંદનના વૃક્ષોની હેરાફેરીનો ખેલ ટીવી અથવા તો મોબાઈલમાં જોયો હતો, આવું જ કંઈક અરવલ્લી જિલ્લાના જંગલોમાં જોવા મળે છે. અરવલ્લીમાં ભલે ચંદન નથી પણ અન્ય મહત્વના વૃક્ષોને પણ



વિરપ્પનો ઉધઈને જેમ ખાઈ રહ્યા છે, પણ વનવિભાગનું સદંતર મૌન જોવા મળે છે. અરવલ્લી જિલ્લામાં વનવિભાગને જે મોટી જવાબદારી સરકારે આપી છે પણ તે જવાબદારી નિભાગવવામાં વનવિભાગને જરાય રસ ન હોય તેવું સ્પષ્ટ લાગી રહ્યું છે. જિલ્લાના જંગલો નષ્ટ થઈ રહ્યા છે, વૃક્ષોનું સરેઆમ નિકંદન થતું વનવિભાગ નરી આંખે જુએ છે, પણ આંખે ગુલાબી પાટા બંધાઈ ગયા ગયા હોવાનું લોકચર્ચાએ જોર પકડ્યું છે. છેલ્લા બે દિવસથી દ્વારા લાકડાની હેરાફેરીના અહેવાલો પ્રસિદ્ધ કરવામાં આવ્યા પણ હજુ વનવિભાગના પેટનું પાણી નથી હલતું જાણે એવું લાગે છે કે, ગુલાબી આહાર આરોગી લીધો હોય.

જિલ્લાના તમામ તાલુકાઓમાંથી મધ્યરાત્રી તેમજ પરોઢે લાકડાની હેરાફેરીનો ખુલ્લો પરવાનો વનવિભાગે આપી દીધો હોય તેમ જોવા મળે છે, પણ હજુ કોઈ જ કાર્યવાહી વનવિભાગે નથી કરી. અરવલ્લી જિલ્લાના જંગલો કાપીને અન્ય જિલ્લામાં લાકડાનો સપ્લાય કરવામાં આવી રહ્યો છે, અને વનવિભાગ હજુ ગોરનિંદ્રામાં જોવા મળી રહ્યું છે. જિલ્લાના જંગલોમાં આવેલી નાની-મોટી ટેકરીઓ નામશેષ છે આ વચ્ચે જંગલો પણ હવે પુસ્તકો પુરતા રહે તો નવાઈ નહીં.

રાજ્ય સરકાર દ્વારા કરોડો રૂપિયા ગ્રાન્ટ વન ઉછેરવા માટે આપવામાં આવતી હોય છે, પણ આ વન ઉછેર માત્ર વનવિભાગના અધિકારીઓ અને વિરપ્પનો માટે હોય તેવું દેખાય છે. વૃક્ષો મોટા કરીને છેલ્લે કાપી નાખવામાં આવતા હોય છે, અને ઊંચા ભાવે તેને બારોબારિયું કરવામાં આવતું હોય તેવું પણ લોકો નરી આંખે જુએ છે.

#### હેરાફેરી કરનારા વન ભક્ષકો સામે કાર્યવાહીનું મુહૂર્ત ક્યારે

જિલ્લાના વિવિધ વિસ્તારોમાં લાકડાની ખુલ્લેઆમ હેરાફેરી કરવામાં આવી રહી છે, તો બીજી બાજુ વનવિભાગ મુકદર્શક બની છે. આ અંગે વનવિભાગ કાર્યવાહી ક્યારે કરશે તે પણ લોકોના મનમાં સવાલો ઉઠી રહ્યા છે. પર્યાવરણ પ્રેમીઓ ભારે જહેમત ઉઠાવી વનબચાવવા પ્રયાસો કરે છે, જ્યારે બીજી બાજુ બની બેઠેલા વીરપ્પનો વૃક્ષોનું નિકંદન કરીને લાકડાની હેરાફેરી કરી વનવિભાગના ગાલે તમાચો માર્યો છે. વનવિભાગ જાણે ગુલાબી આશિયાનમાં બેઠી હોય તેમ કંઈ જ કરવાના મૂડમાં ન હોય તેવા યક્ષ પ્રશ્નો ઉઠી રહ્યા છે.

#### વનમહોત્સવના તાયફા પછી RFO બધુ ભૂલી કેમ જાય છે?

દર વર્ષે રાજ્ય સરકાર વનમોત્સવ થકી જંગલોનો ઉછેર કરવા અને પર્યાવરણને બચાવવા માટે વૃક્ષારોપણના કાર્યક્રમો આયોજિત કરતું હોય છે. માત્ર એક દિવસના કાર્યક્રમાં કરોડો રૂપિયા વેડફી બીજા દિવસે વનવિભાગ જેમ હોય તેમ જ કામગીરી કરતું હોય તેવું હવે દેખાઈ રહ્યું છે. એક દિવસ મોટા મોટા તાયફા કરીને વૃક્ષારોપણના કાર્યક્રમો યોજીને પર્યાવરણને જાણે વનવિભાગ જ સાચવતું હોય તેવું દેખાવાનો ઢોંગ કરતું હોય છે, અને આજે પરિસ્થિતિ વિપરીત જોવા મળી રહી છે. તો શું વનવિભાગ સાચે જ વનમહોત્સવ પર્યાવરણ બચાવવા કરે છે?

#### રાષ્ટ્રીય વન નીતિ – ૧૯૮૮ નો અમલ માત્ર કાગળ પર

રાજ્ય સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતા પુસ્તક વન ચેતનમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, વર્ષ પ્રતિવર્ષ દેશના વનોમાં અને વનની જમીનમાં ઘટાડો થતો હતો. બળતણ, ઈમારતી લાકડું, ગૌણ વનપેદાશનને નામે વનનો નાશ થતો હતો. સામે પક્ષે નવા વૃક્ષોનો ઉછેર, રક્ષણ તેમજ વૈકલ્પિક વનિકરણનો વેગ ખુબ જ ધીમો છે, જેથી પર્યાવરણ અસંતુલિત બન્યું છે. જંગલોમાં વૃદ્ધિ પુનઃ ઉછેર તેમજ પર્યાવરણના સંતુલન માટે રાષ્ટ્રીય વન નીતિ ખૂબ જ જરૂરી હોઈ ૧૯૮૮ માં નવેસરથી વનનીતિ ઘડી અમલમાં લાવવામાં આવી હતી.

## નેનાવા ગામમાં આવેલ સરકારી હોસ્પિટલ રામભરોસે ચાલી રહી છે

ધાનેરા તા. ૨૦

ધાનેરા તાલુકા માં આવેલ નેનાવા ગામમાં આવેલ સરકારી હોસ્પિટલમાં છેલ્લા ૪૦ દિવસથી ડોક્ટર ના હોવાથી ગામ લોકોએ હોસ્પિટલમાં પહોંચીને હોબાળો મચાવ્યો હતો ડોકટર વિનાનું સરકારી દવાખાનું સાંભળીને ચોકી ઉઠ્યા આ ડોકટર વિનાનું સરકારી દવાખાનું આવેલ છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, રાજસ્થાન ગુજરાત સરહદ પર.





રાજસ્થાન બોર્ડરને અડીને ધાનેરા તાલુકાનું નેનાવા ગામ આવેલ છે નેનાવા ગામમાં લાખોના ખર્ચે સરકારી હોસ્પિટલ તો બનાવવામાં આવ્યું છે .પરંતુ આ સરકારી હોસ્પિટલમાં છેલ્લા ૪૦ દિવસથી ડોક્ટરે રાજીનામું આપી દેતા આ સરકારી હોસ્પિટલ પટાવાળા નાં ભરોસે ચાલે છે. ફાર્માસિસ્ટ પણ રજા પર હોવાથી ડોકટર વિના આ દવાખાનું સમયસર ખુલ્લે તો છે પરંતુ દર્દીઓ વીલા મોઢે જ પરત ફરે છે નેનાવા ગામ લોકો દ્વારા છેલ્લા ૪૦ દિવસથી આરોગ્ય ખાતાથી લઈને જિલ્લા વિકાસ અધિકારી સુધી અનેક રજૂઆતો કરી છે.પરંતુ ડોકટર મુકવામાં ના આવતા દર્દીઓ ધરમના ધકકા ખાઈ રહયા છે રાજસ્થાન બોર્ડરને અડીને આવેલ હોવાથી નેનાવાના દર્દીઓને રાજસ્થાનના સાચોર જવું પડે છે નેનાવા ગામ લોકોની માંગ છે કે તાત્કાલિક સરકારી હોસ્પિટલમાં ડોકટર મૂકવામાં આવે જો ડોક્ટર મૂકવામાં નહિ આવે તો ગામ લોકો સરકારી દવાખાને જ તાળાબંધી કરી દેવાની ચીમકી ઉચ્ચારી છે બનાસકાંઠાનું નેનાવા ગામ એ ગુજરામાં આવેલ છે પરંતુ સરકારી દવાખાનામાં ડોકટરના અભાવે નેનાવા ગામના દર્દીઓને સારવાર માટે રાજસ્થાન જવું પડે છે.

## ડીસા તાલુકા પંચાયત પાસે પડેલા ગંદકીના ઢગ હટાવાયા

### જિલ્લા વિકાસ અધિકારીના આદેશથી તંત્ર સફાળું જાગ્યું

ડીસા, તા. ૨૦

સરકાર દ્વારા સ્વચ્છ ભારત અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે ત્યારે ડીસા શહેરમાં કંઈક ઉલ્ટી ગંગા વહી રહી હોય તેવો ઘાટ ઘડાયો હતો જેમાં શહેરમાં આવેલા હાર્દ સમા મામલતદાર કચેરીના પરિસરમાં આવેલ તાલુકા પંચાયત દ્વારા જ સ્વચ્છ ભારત અભિયાનના સરેઆમ ધજાગરા ઉડાવાઈ રહ્યા હતા. આ મામલે અરજદારો અને સ્થાનિક લોકોએ તંત્રને રજૂઆતો કરી હતી. પરંતુ શેઠની શીખામણ ઝાંપા સુધીની માફક પરિસ્થિતિ જૈસે થે જોવા મળી રહી હતી.પરંતુ તાજેતરમાં જ



ડીસા તાલુકા પંચાયત કચેરી ખાતે જીલ્લા વિકાસ અધિકારી દ્વારા ઓચિંતી મુલાકાત લેવામાં આવી હતી જેમાં સ્વચ્છતા અભિયાનના સરેઆમ ધજાગરા ઉડાવાઈ રહ્યા હોવા મામલે ચર્ચા થઈ હતી જેથી તેમણે તાત્કાલિક ધોરણે આ બાબતે સફાઈ કરવાની સુચના આપી હતી જેના પગલે સફાળા જાગેલા તંત્ર દ્વારા શનિવારે ટ્રેક્ટર અને જેસીબી મશીનથી ગંદકીના ઢગ દૂર કરી સફાઈ કરવામા આવી હતી.

## ડીસામાં ઈકો કાર સળગી ઉઠતા અફરા તફરી સર્જાઈ

ડીસા, તા. ૨૦

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી સીએનજી ગેસ ધરાવતા વાહનોમાં ચાલુ વાહનમાં આગ લાગવાની ઘટનાઓ મિડિયા દ્વારા અવારનવાર સામે આવી રહી છે ત્યારે આજે વધુ એક ચાલુ ઈકો ગાડીમાં આગ લાગી જવાની ઘટના બની છે. ડીસા- પાલનપુર હાઈવે ઉપર ચાલી રહેલી ઈકો ગાડીમાં અચાનક આગ લાગતા અફરાતફરી મચી જવા પામી હતી. ઘટનાની વિગત જોઈએ તો પાલનપુરથી ડીસા તરફ આવી રહેલી ઈકો ગાડીમાં ડીસાના રાજમંદિર સિનેમા પાસે ઓચિંતી આગ લાગતા ટ્રાફિક જામ સાથે અફરાતફરી મચી જવા પામી હતી ગાડીમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે ત્યારે આ આગની ઘટનાના પગલે ડ્રાઈવરની સમયસૂચકતાને કારણે અંદર બેઠેલા પેસેન્જરો અને ડ્રાઈવરનો આબાદ બચાવ થયો હતો. આ ઘટનાની જાણ વાયુવેગે ડીસા શહેરમાં પ્રસરી જતાં ઘટના સ્થળે લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા બાદમાં આ ઘટના અંગે પોલીસ અને ફાયર ફાયટરને જાણ કરાઈ હતી ત્યારે પોલીસ અને ફાયર ફાયટર ઘટના સ્થળે દોડી આવી પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી જોકે શોર્ટ સર્કિટના કારણે ગાડીમા આગ ભભુકી ઉઠતા ઈકો ગાડીને મોટું નુકસાન થયું હતું.



## ડીસામાં ખુલ્લી ગટરની કુંડીમાં ગાડી ખાબકતા વ્યાપક નુકશાન

ડીસા, તા. ૨૦

ડીસા શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલ માટે ભૂગર્ભ ગટર વ્યવસ્થા અંતર્ગત કેટલાક વિસ્તારોમાં આડેધડ ભૂગર્ભ ગટરના ઢાંકણા નાખવામાં આવ્યા છે. જેના કારણે અવારનવાર નાના મોટા અકસ્માત સર્જાઇ રહ્યા છે ત્યારે ડીસાના રેલ્વે સ્ટેશન વિસ્તારમા કેટલીક ભુગર્ભ ગટર વ્યવસ્થાની ટાંકીઓ ખુલ્લી પડી છે.જેના કારણે અવાર નવાર અકસ્માત સર્જાતા હોય છે.ત્યારે આજે રાજપુર ગોપાલ પુરી મઠના મહંતશ્રી અહીથી પોતાની ગાડી લઈ પસાર થતા હતા ત્યારે વચ્ચે ખુલ્લી કુંડીમા આગળનું ટાયર આવી જતા ગાડીને મોટુ નુકસાન થવા પામ્યું હતું.



## પ્રાંતિજ પોલીસે ૧૨ વર્ષની બાળકીનુ પરિવાર સાથે મિલન કરાવ્યું

પ્રાંતિજ તા.૨૦

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ પોલીસે માતા-પિતાથી વિખુટી પડી ગયેલ બાળકી ને પ્રાંતિજ પોલીસ દ્વારા પરિવાર સાથે મિલન કરાવ્યુ

પ્રાંતિજ પોલીસ ટીમ પોલીસ સ્ટેશન વિસ્તાર મા પેટ્રોલિંગ મા હતા તે દરમ્યાન એક બાળકી તેના માતાપિતા થી વિખૂટી પડી ગયેલ જે પ્રાંતિજ પોલીસ ને પેટ્રોલિંગ દરમ્યાન મળી આવતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે તાવી તેની પુછપરછ કરતા તેનુ નામ હેમાશી પ્રતાપસિંહ ઠાકોર ઉ.વર્ષ - ૧૨ રહે. કુવાદરા તા.માણસા જિ.ગાંધીનગર ની હોવાનુ જણાવતા તેમનો સંપર્ક કરી પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે બોલાવી પ્રાંતિજ પોલીસ દ્વારા તેના માતા પિતા ને શોખશોળ કરી બાળકી ના માતા પિતા ને પોતાની દિકરી ને સોપવામા આવી હતી તો બાળકી મળી આવતા બાળકી ના માતા પિતાએ પ્રાંતિજ પોલીસ નો આભાર વ્યક્ત કર્યો હતો.



## ભિલોડા તાલુકાના રામપુરી ગામના આર્મી જવાનનું ટુંકી માંદગી બાદ અવસાન

### ગાર્ડ ઓફ ઓનર આપી માદરે વતનમાં અંતિમ સંસ્કાર કરાયા

ભિલોડા,તા.૨૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના અંતરિયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ ખોબા જેવડા રામપુરી ગામના આર્મી જવાનનું ટુંકી માંદગી બાદ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન અવસાન થયેલ છે. આર્મી જવાનના

માદરે વતન રામપુરી ગામમાં આર્મી જવાનનો મૃતદેહ લવાયો હતો.પરીવારજનો, સગાં-સબંધી અને ગ્રામજનો આર્મી જવાનના અંતિમ સંસ્કાર વિધિમાં મોટી સંખ્યામાં જોડાયા હતા. અરવલ્લી જીલ્લા પંચાયત સદસ્ય,સામાજિક આગેવાન સુભાષભાઈ તબીયાર સહિત ગ્રામજનોએ જણાવ્યું હતું કે,



રામપુરી ગામના ૪૪ વર્ષીય અસારી દિનેશભાઈ બહેચરભાઈ, આર્મીમાં (આર્મી સપ્લાય ડિપાર્ટમેન્ટ) હવાલદારની પોસ્ટ પર પંજાબ રાજયના પઠાણકોટ વિસ્તારમાં માં ભોમની રક્ષા કરવા માટે છેલ્લા ઘણા વર્ષોથી ફરજ બજાવતા હતા.

તાજેતરમાં માદરે વતનમાં રજા પર ઘરે આવ્યા હતા પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે આર્મી જવાનનું હોસ્પિટલમાં સારવાર દરમ્યાન તેઓનું ટુંકી માંદગી બાદ અવસાન થયેલ હોય આર્મી જવાનનું આર્મીના પ્રોટોકોલ મુજબ ગાર્ડ ઓફ ઓનર આપી, સાથે - સાથે સામાજીક રીતી - રીવાજો મુજબ અંતિમ સંસ્કાર વિધિ કરાઈ હતી.રામપુરી,ટોરડા ગામ સહિત આજુ - બાજુના ગ્રામ્ય વિસ્તારોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

આર્મી જવાનના માતા - પિતા, પત્ની, બે - પુત્રી અને એક - પુત્રએ ભારે હૈયે વિલાપ કરતા ચોંધાર આંસુએ પોક મૂકીને હૈયાફાટ રૂદન કરતા જોઈને ઉપસ્થિત સગાં -સંબંધીઓ , ગ્રામજનો સહિત સૌ-કોઈની આંખોમાંથી આંસુ વહેતા થયા હતા.

### જન્મદિને વધામણી



ઉપેન્દ્ર ચૌહાણ
બાયડ જીલ્લો અરવલ્લી



નવઘણ ભોઈ
આકૃંદ તા.ધનસુરા




અમૃતભાઈ દરજી
ડાભા તા. બાયડ

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન

## પાંથાવાડામાં શિક્ષીકાએ આપઘાત કરતાં ચકચાર



પાંથાવાડા, તા. ૨૦

દાંતીવાડા તાલુકાના પાંથાવાડા ગામમાં રહેતા અને ગામની પ્રાથમિક શાળામાં શિક્ષીકા તરીકે નોકરી કરતા અમૃતાબેન ડામોરને થોડા દિવસ અગાઉ અકસ્માતમાં પગે ઈજા થઈ હતી.જેથી અમદાવાદ ખાતે રહેતા તેમના પતિ મનહરભાઈ ડામોર શુક્રવારે સાંજે પાંથાવાડા આવ્યા હતા ત્યારે તેમના ઘરની નજીક દારૂ પીને હંગામો કરતાં લોકો ભેગા થતા પાંથાવાડા પોલીસ ઘટના સ્થળ પર આવી હતી અને મનહરભાઈની ધરપકડ કરી પોલીસ સ્ટેશન લાવેલ. તેની જાણ અમૃતાબેનને થતાં તેઓ તેમના પાડોશી અને ઘર માલીકના જમાઈ સાથે પોલીસ સ્ટેશન ગયા હતા. ત્યાં બધા સાથે મનહરભાઈ પણ બકવાસ કરતાં હતા. તેથી તેમને સમજાવતા હતા. તે સમયે અમૃતાબેન ઘરે ગેસ ચાલુ છે કે બંધ? તે ચેક કરવાનુ કહી ઘરે જઈ સમગ્ર બનાવથી દુખી થઈ પંખે લટકી આપઘાત કરેલ હતો. આ બનાવની જાણ પાડોશી તેમજ પોલીસને થતાં પોલીસે ઘરે જઈ લાશને નિચે ઉતારી સીએચસી લાવેલ હતા. સમગ્ર બનાવની જાણ પરિવાર તેમજ સ્ટાફને થતાં તેઓ સીએચસી આવી પહોંચ્યા હતા ત્યારે કરૂણ માહોલ સર્જાયો હતો. લાશનુ સીએચસીમાં પીએમ બાદ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી હતી.